# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઇવે,

છારોડી, અમદાવાદ - 382 481.

**FAQ (Frequently Asked Questions) (Digital Gujarat Portal)**

**Portal Link:** https://www.digitalgujarat.gov.in

**વિભાગ નામ : શિષ્યવૃત્તિ વિભાગ**

| ક્રમ | પ્રકાર | વિગત |
|---|---|---|
| 1. | પ્રશ્ન | Draft Form એટલે કેવું ફોર્મ ? |
| | જવાબ | Draft Form એટલે શિષ્યવૃત્તિ ફોર્મ પર Watermark દ્વારા DRAFT લખેલું હોય તેવું ફોર્મ. આવું ફોર્મ હાર્ડ કોપીમાં મોકલવું નહી. જ્યારે Final Submit ન આપ્યું હોય ત્યારે DRAFT બને છે. આવું ફોર્મ માન્ય રખાશે નહી. આથી Final Submit આપ્યા બાદ જ શિષ્યવૃત્તિ ફોર્મની પ્રિન્ટ આપવી. |
| 2. | પ્રશ્ન | Online શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ ફોર્મ હાર્ડ કોપીમાં મોકલવું કે નહી ? |
| | જવાબ | વિદ્યાર્થીએ Online શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ શિષ્યવૃત્તિના ફોર્મની પ્રિન્ટ તેમજ અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ હાર્ડ કોપીમાં સરકારશ્રી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં ફરજીયાત મોકલવા |
| 3. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં ડોક્યુમેન્ટ કેવી રીતે અપલોડ કરવા ? |
| | જવાબ | વિદ્યાર્થીએ જરૂરી તમામ ડોક્યુમેન્ટ સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે યોગ્ય સાઈઝમાં તેમજ યોગ્ય જગ્યાએ અપલોડ કરવા. |
| 4. | પ્રશ્ન | આવકનો દાખલો કોનો મુકવો ? |
| | જવાબ | આવકનો દાખલો પિતાના નામનો સક્ષમ અધિકારીશ્રીનો મુકવો.(મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારી/તલાટી કમ મંત્રીશ્રીનો/નગર પાલિકાના પ્રમુખશ્રીનો) |
| 5. | પ્રશ્ન | આવકના દાખલાની સમય મર્યાદા કેટલા વર્ષની છે ? |
| | જવાબ | જે નાણાકીય વર્ષમાં આવકનો દાખલો કઢાવેલ હોય તે સહિત ત્રણ વર્ષ માટે માન્ય રહેશે. તેમજ આવકના દાખલામાં ત્રણ વર્ષની સમયમર્યાદાનો ઉલ્લેખ થયેલ હોવો જોઈએ. |
| 6. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં આવકની રકમ કેવી રીતે દર્શાવવી ? |
| | જવાબ | વિદ્યાર્થીએ આવકના પ્રમાણપત્રમાં જે રકમ દર્શાવેલ હોય તેટલી જ રકમ શિષ્યવૃત્તિ ફોર્મમાં દર્શાવવી તેમાં તફાવત હોવો જોઈએ નહીં. |
| 7. | પ્રશ્ન | જો પિતા હયાત ન હોય તો શું કરવું ? |
| | જવાબ | જો પિતા હયાત ન હોય તો માતાના નામનો આવકનો દાખલો મુકવો તેમજ પિતાના મરણનું પ્રમાણપત્ર મુકવું. |
| 8. | પ્રશ્ન | જો પિતા ગુમ થયેલ હોય તો શું કરવું ? |
| | જવાબ | જો પિતા ગુમ થયેલ હોય તો વિદ્યાર્થીએ માતાનો આવકનો દાખલો મુકવો તેમજ પોલીસ |

| | | |
|---|---|---|
| | | સ્ટેશનનો નોંધણી કરેલ રીપોર્ટની કોપી અપલોડ કરી મુકવી. |
| 9. | પ્રશ્ન | જો પિતા નિવૃત હોય તો શું કરવું ? |
| | જવાબ | જો પિતા નિવૃત હોય તો પેન્શન સ્લીપ મુકવી. |
| 10. | પ્રશ્ન | જો પિતા અશકત હોય અને હું કમાતો હોવ તો શું કરવું ? |
| | જવાબ | જો પિતા અશક્ત હોય અને વિદ્યાર્થી પોતે કમાતો હોય તો તેણે પોતાના નામનો આવકનો દાખલો મુકવો સાથે પોતાના નામનું અલગ કઢાવેલ રેશનકાર્ડ મુકવું. |
| 11. | પ્રશ્ન | જો મે ધો-૧૦ પછી બે વર્ષનો ITIનો કોર્ષ કરેલ હોય તો કઈ માર્કશીટ મુકવી ? |
| | જવાબ | જો વિદ્યાર્થીએ ધો-૧૦ પછી બે વર્ષનો ITIનો કોર્ષ કરેલ હોય તો ITIની માર્કશીટ તેમજ Equivalent સર્ટીફીકેટ ફરજીયાત અપલોડ કરવું. |
| 12. | પ્રશ્ન | જો મારા લગ્ન થયા હોય તો કોનો આવકનો દાખલો મુકવો ? |
| | જવાબ | જો વિદ્યાર્થી બહેન હોય અને લગ્ન થયેલ હોય તો આવકનો દાખલો પતિ/સસરાના નામનો મુકવો તેમજ સાથે લગ્નનું પ્રમાણપત્ર મુકવું. જો વિદ્યાર્થી ભાઈ હોય તો પોતાનો આવકનો દાખલો મુકવો તેમજ પોતાના નામનું અલગ કઢાવેલ રેશનકાર્ડ મુકવું. |
| 13. | પ્રશ્ન | જો પિતા સરકારી/પ્રાઈવેટ નોકરી કરતા હોય અને આવક વધુ હોય તો શું કરવું? |
| | જવાબ | જો વિદ્યાર્થીના પિતા સરકારી નોકરી કરતા હોય તો ફોર્મ નં-16(PART-B) અને પ્રાઈવેટ નોકરી કરતા હોય પરંતુ વધુ આવક હોય તો ફોર્મ નં-16(PART-A & PART-B)ના તમામ પાના અપલોડ કરી મુકવા, |
| 14. | પ્રશ્ન | કેટલી આવક મર્યાદા સુધી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરી શકાય ? |
| | જવાબ | વિદ્યાર્થીને લાગુ પડતી યોજનાનો અભ્યાસ Digital Gujarat portal પર કરી પોતાની આવક મર્યાદા જાણી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું. |
| 15. | પ્રશ્ન | મારી અને પિતાની અટકમાં તફાવત હોય અથવા મારી અટક બદલેલ હોય તો શું કરવું? |
| | જવાબ | જો વિદ્યાર્થીએ અટક બદલેલ હોય તો તે અંગેનું ગેઝેટ મુકવું અને જો વિદ્યાર્થીની અટક અને પિતાની અટક અલગ હોય તો તે અંગેનું એફિડેવિટ મુકવું. |
| 16. | પ્રશ્ન | જો અભ્યાસમાં ગેપ પડેલ હોય તો શું કરવું? |
| | જવાબ | જો અભ્યાસમાં ગેપ પડેલ હોય તો જેટલા વર્ષનો ગેપ પડેલ હોય તે અંગેનું એફિડેવિટ મોકલવું. તેમજ ગેપ એફિડેવિટમાં જે છેલ્લે પાસ કરેલ હોય તે માર્કશીટની વિગત દર્શાવી અપલોડ કરવી. |
| 17. | પ્રશ્ન | Digital Gujarat Portal પર સંસ્થાની વિગત કેવી રીતે ભરવી સેન્ટરની કે યુનિવર્સિટીની ? |
| | જવાબ | Digital Gujarat Portal પર સંસ્થાની વિગત યુનિવર્સિટીની નીચે પ્રમાણે ભરવી.<br>Institute District :- Ahmedabad Present Institute :- Dr. Babasaheb Ambedkar Open University Institute Type :- Correspondence ( Distance and Continuing) |
| 18. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં પ્રવેશ ફી કેટલી દર્શાવવી ? |
| | જવાબ | વિદ્યાર્થીએ જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તેની પ્રવેશ ફી (પ્રવેશ ફીની રસીદ) મુજબ |

| | | |
|---|---|---|
| | | દર્શાવવી. |
| 19. | પ્રશ્ન | જો મે (SY BA/TY BA/SY BCOM/TY BCOM/MA-2) માં પ્રવેશ મેળવ્યો હોય તો કઈ માર્કશીટ અપલોડ કરવી. |
| | જવાબ | જો વિદ્યાર્થીએ (SY BA/TY BA/SY BCOM/TY BCOM/MA-2 ) માં પ્રવેશ મેળવ્યો હોય તો તેણે (FY BA/SY BA/FY BCOM/SY BCOM/MA-1) નું પરિણામ ( ઓવરઓલ સ્ટેટમેન્ટ) આપના અભ્યાસકેન્દ્રના સહી-શિક્કા સાથેનું અપલોડ કરવું. |
| 20. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં બેંક ખાતાની વિગત કેવી રીતે દર્શાવવી. ? |
| | જવાબ | શિષ્યવૃત્તિ ફોર્મમાં વિદ્યાર્થીના બેંક ખાતાની અને આધાર સાથે લીંક હોય તેવા બેંક ખાતાની વિગત દર્શાવવી. |
| 21. | પ્રશ્ન | આઈ.ડી પ્રૂફ કયું અપલોડ કરવું? |
| | જવાબ | Fresh વિદ્યાર્થીએ આધારકાર્ડની સાથે યુનિવર્સિટીનું Identity Card ફરજીયાત અપલોડ કરવું. તેમજ Pramoty વિદ્યાર્થીએ આધારકાર્ડની સાથે યુનિવર્સિટીનું Identity Card, Admission Confirmation Letter / Bonafide Certificate અપલોડ કરવું. |
| 22. | પ્રશ્ન | Admission Confirmation Letter / Bonafide Certificate ક્યાંથી મેળવવું ? |
| | જવાબ | વિદ્યાર્થીએ Admission Confirmation Letter યુનિવર્સિટીની વેબસાઈટ પરથી તેમજ Bonafide Certificate યુનિવર્સિટીના પ્રવેશ વિભાગમાંથી મેળવવું. |
| 23. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં Enrollment દર્શાવવો કે નહી ? |
| | જવાબ | હા, વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ ફોર્મમાં Enrollment No ફરજીયાત દર્શાવવો. |
| 24. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં મોબાઈલ નંબર કોનો દર્શાવવો ? |
| | જવાબ | વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ ફોર્મમાં પોતાનો ચાલુ હોય તેવો મોબાઈલ નંબર ફરજીયાત દર્શાવવો. |
| 25. | પ્રશ્ન | શિષ્યવૃત્તિ ફોર્મમાં ઈ-મેલ આઈ.ડી કોનું દર્શાવવું ? |
| | જવાબ | વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ ફોર્મમાં પોતાનું ચાલુ હોય તેવું ઈ-મેલ આઈ.ડી ફરજીયાત દર્શાવવું. |
| 26. | પ્રશ્ન | મારી સ્કોલરશીપની રકમ ક્યારે કોણ કેવી રીતે જમા કરવામાં આવે છે? |
| | જવાબ | આપની સ્કોલરશીપની રકમ સરકારશ્રીની સબંધિત કચેરી દ્વારા એપ્રુવ થયા બાદ, સરકાર દ્વારા ગ્રાન્ટ મળ્યેથી કચેરી દ્વારા આપના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવે છે. આધાર-કાર્ડ જોડે લીક હોય તે બેંક ખાતામાં સ્કોલરશીપની રકમ જમા કરવામાં આવે છે. તે માટે આપે ફરજીયાત (NPCI-મેપર, DBT Enable આપની સબંધિત બેંકમાં આપના દ્વારા કરાવાનું રહેશે.) |
| 27. | પ્રશ્ન | DGP પોર્ટલ પર શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે જો મને કોઈ તકનીકી સમસ્યાનો સામનો કરવો પડે તો મારે શું કરવું જોઈએ. ? |
| | જવાબ | તમે તરત જ DGP હેલ્પલાઇન નંબર 18002335500 પર કૉલ કરી માહિતી મેળવી શકો છો. |